॥ ॐ ॥

॥ श्री नाथगुरुर्विजयतेतमाम् ॥

સતી સ્ત્રીઓનાં લક્ષણો.

રચનાર

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

પખાલીની પોળ, ચારશેરી અમદાવાદ.

ધર્મજિજ્ઞાસુ સ્ત્રિયો માટે બાઇ માણેકબાઇના
પૂણ્યાર્થે પ્રકટ કરનાર તેમના પિતાજી
શેઠ દામોદરદાસ બ્રીજભૂખણદાસ.
મુંબઈ.

બીજી આવૃત્તિ. પ્રત ૫૦૦. સમગ્ર પ્રત ૧૫૦૦.

સંવત ૧૯૬૬. ખ્રીસ્તાબ્દ ૧૯૧૦.

અમદાવાદ.

હિતેચ્છુ પ્રેસ, ખાડીઆ.

આ પુસ્તક ધર્મ જિજ્ઞાસુ સ્ત્રિયોને
વિના મૂલ્યે મળે છે.

ક ૪૨૧૫ : ૫૨ ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ

॥ ૐ ॥

સતી સ્ત્રીઓનાં લક્ષણો.

સત્ એટલે આત્મસ્વરૂપ અને ઇ એટલે પ્રાપ્ત કરનાર. આત્મસ્વરૂપને પ્રાપ્ત કરનારને સતી સ્ત્રી કહેવામાં આવે છે. આ તેનો મુખ્યાર્થ છે. આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરનારને પણ સતી સ્ત્રી કહેવામાં આવે છે. પણ આ તેનો ગૌણાર્થ છે. સતી સ્ત્રિયોનાં લક્ષણો જાણી સંપાદન કર્યા શિવાય પોતે યથાર્થ સતી છે કે નહિ તે હું સતી છું એમ માનનાર જાણી શકે નહીં, માટે આગળ કહેવામાં આવતાં લક્ષણોની સાથે સરખામણી કરતાં જે સ્ત્રિયોને ચાર પ્રકારની સતી સ્ત્રિયોમાંથી કોઇપણ પ્રકારની સતી સ્ત્રીનાં લક્ષણો પ્રતીત થાય નહિ, છતાં જેઓ પોતાને પતિવ્રતા માનતી હોય તેમણે પોતાનામાં રહેલો ખાલી દંભ, વિષયો તરફ ઇંદ્રિયોનો પ્રબળ વેગ, સ્વકર્તવ્યમાં આળસ્ય અને પ્રમાદાદિ જે દોષો પોતાનામાં હોય તેને ત્યજવાનો પ્રયત્ન કરવો જોઇએ, કારણ કે પતિવ્રતા સ્ત્રિયોનાં લક્ષણો સંપાદન કર્યા શિવાય હું સતી છું એમ માનવું તે અયોગ્ય છે.

અધિકાર ભેદે સતી સ્ત્રિયો ચાર પ્રકારની છે. કનિષ્ટ, મધ્યમ, ઉત્તમ અને મહાસતી. પોતાના પીએરમાં કોઇની ઓથ નહીં હોવાથી સ્નેહીઓના મરણથી થતાં દુઃખોથી, પોતાની આજીવિકા ચલાવવા અસમર્થ હોવાથી, અને જો હું આડે માર્ગે ચાલીશ તો પતિ કોપાયમાન થશે, અને કાઢી મૂકશે તો મારૂં ગુજરાન કેવી રીતે ચાલી શકશે એવા વિચારથી પોતાના સાસરામાં નિવાસ કરનારી સ્ત્રી કનિષ્ટ સતી કહેવાય છે. કનિષ્ટ સતીનામાં વિવેકની ન્યુનતા હોવાથી પતિનું તથા લગ્નનું મહાત્મ્ય સમજવાનું તેનામાં બુદ્ધિબળ હોતું નથી, પરંતુ

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૨૮૮૩ वर्गांक

पुस्तकनुं नाम સતી સ્ત્રીઓનાં લહાણાં

विषय ક૪૨૬૫ : ૫૨

ઉપર જણાવેલાં કારણોથી તેમજ વૃદ્ધ જનોની, આગળ પાછળ વસતા પ્રામાણિક માણસોની બીકથી અને સહવાસથી તે શિયળનું રક્ષણ કરે છે. ફક્ત શિયળનું રક્ષણ કર્યા શિવાય તેનામાં સ્વસ્વરૂપ એટલે શું? તથા તેને પ્રાપ્ત કરવા શું શું કરવું જોઇએ? શાસ્ત્રો પતિને પરમાત્મા તુલ્ય શાથી કહે છે? પતિની આજ્ઞા તોડવી તે પરમાત્માની આજ્ઞા તોડવા બરાબર છે, વગેરેની સમજણ નહિ હોવાથી તેનામાં બુદ્ધિબળનો વિકાશ થતો નથી, અને બુદ્ધિબળની ન્યુનતાથી કનિષ્ટ પ્રકારની સતીમાં ગણાઇ આયુષ્ય પૂરૂં કરે છે. કનિષ્ટ પ્રકારની સતીમાં શિયળનું રક્ષણ કરવા ઉપરાંત, તેને લાયક કેટલાક ગુણ ગ્રહણ કરવાની શાસ્ત્ર તરફથી ફરજ છે. કનિષ્ટ પ્રકારની સતીએ હમેશાં, પોતાની વચના, પોતાથી મોટા અને નાના પુરૂષો પ્રતિ ભાઇ બાપ અને પુત્રની ભાવના કરવી જોઇએ. સાસુ, સસરો અને બીજા વૃદ્ધ જનોની આજ્ઞાનુસાર વર્તવું જોઇએ; નણંદ, જેઠ, જેઠાણી, દિયર, દેરાણી વગેરે ભણીના કર્તવ્યને બરોબર સમજી તેમની સાથે સર્વદા વિનયથી આલવાનો મહાવરો રાખવો જોઇએ. વૃદ્ધ જનો બેઠાં હોય તેમની સમક્ષ અસભ્ય વેશ નહિ રાખવો જોઇએ, તેમજ પતિના પ્રેમને વશ થઇ કોઇની પણ દૃષ્ટિએ નિર્લજ્જપણાથી વર્તાય નહિ એમ ઘણામાં ઘણી સાવધાનતા રાખવી જોઇએ. રાત્રે ઘરથી એકલાં બહાર જવાની તથા પોતાના સહોદર અને પતિ શિવાય બીજાની સાથે હશીને વાત કરવાની કુચાલનો ત્યાગ કરવો જોઇએ; આવા ગુણો કનિષ્ટ પ્રકારની સતી થવા પ્રયત્ન કરનાર સ્ત્રીએ ગ્રહણ કરવા જોઇએ.

કનિષ્ટ પ્રકારની સતી કરતાં મધ્યમ પ્રકારની સતીમાં વિવેકનો ઉદય થવાથી તે પોતાનો પતિ તેજ સર્વસ્વ છે એમ સમજી તન, મન અને ધનથી પોતાના પતિને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન સેવે

છે. તે સમજે છે કે કાકવિષ્ટા સમાન જે વિષયો છે તે વિષયોની દાસી થઇ મેં મારૂં કર્તવ્ય પૂરૂં કર્યું એમ સમજવાનું નથી, પરંતુ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને પંચજનોની સમક્ષ મેં મારા પતિનું પાણી-ગ્રહણ કર્યું છે તેનો શાસ્ત્રાનુસાર અર્થ સમજી આ વિશ્વમાં મારે વિ-ચરવું જોઇએ, એમ સમજી તે મધ્યમ સતી લગ્ન કર્યા પછી જ્યારે સાસરામાં આવી નિવાસ કરે છે ત્યારે તેને અત્યાનંદ થાયછે. તે વિચારે છે કે બાળપણામાં મારાં માત પિતાએ મારૂં રક્ષણ કર્યું છે અને મારા શરીરને શોભા આપે તેમજ મારા મનને પુષ્ટ કરે એવું જ્ઞાન તેઓ તરફથી મને મળ્યું છે, મારે તે જ્ઞાનની વૃદ્ધિ થવા તેમજ મારૂં મન વધારે પુષ્ટ કરવા પતિરૂપી પરમાત્મા મને પ્રાપ્ત થયા છે તો મારા મનના જે જે ઉભરાઓ હોય તથા હું કોણ છું ? શા માટે મારો જન્મ થયો છે? મુઆ પછી મારા કર્મ પ્રમાણે મારે કયાં જવું પડશે વગેરે શંકાઓ પૂછી મારા મનનું સમાધાન કરવું જોઇએ. બાળપણામાં હું જે ક્રીડા કરતી હતી તેનો હવે મારે ત્યાગ કરવો જોઇએ, કારણ કે બાળક્રીડા મારા પીએરનાં માણસો સાથે સંબંધ ધરાવતી હતી, હવે તો હું મારા પતિની શીતળ છાયામાં છું અને જ્યારથી પતિનો મહિમા જાણવા હું શક્તિમાન થએલી છું ત્યારથી મારે મારી બાળક્રીડાનું વિસ્મરણ કરવું જોઇએ તેમજ મારાં માતપિતા તરફ ખપ જેટલો સ્નેહ રાખી માત પિતા કરતાં વધારે પ્રિય સાસુ સસરા તરફ અને મારા પતિ તરફ ઘણામાં ઘણો સ્નેહ રાખવો જોઇએ, તેમજ મા-રામાં જે બાળસ્વભાવ અને ઉતાવળીઆપણું જે વારંવાર મને દુઃખદ પ્રતીત થતાં હતાં તેનો ત્યાગ કરી, ગંભીરાઈ પકડી, યુવાવસ્થાને તેમજ મારા સતીપણાને છાજે એમ વર્તવું જોઇએ. આવું સમજી મધ્યમ સતી થવાને યોગ્ય લક્ષણો વાળી પતિવ્રતા સ્ત્રી સાસરામાં

આવ્યા પછી, દરેક સાથે નમ્રતાથી વર્તવા લાગે છે અને પોતાના પતિની ઝીણામાં ઝીણી આજ્ઞાનું પૂર્ણ ઉત્સાહથી પ્રતિપાલન કરે છે. તે સમજવા લાગે છે કે આ હૃદયમાં પ્રતીત થતો દાહ પરમાત્માથી અભિન્ન પતિના સ્વરૂપને સમજ્યા વિના મટતો નથી, તો તે હૃદયનો દાહ કેવી રીતે મટે તે જાણવા બે હાથ જોડી પોતાના પતિની સ્તુતિ કરે છે. પતિ જો જ્ઞાની અને વિજ્ઞાની હોય છે તો તે મધ્યમ સતીને જ્ઞાન માર્ગે દોરી તેને તેના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવરાવે છે, અને પતિ જ્ઞાની હોતો નથી પરંતુ ધર્મમાં શ્રદ્ધાવાળો હોય છે તો કોઈ સદ્ગુરૂનો આશ્રય ગ્રહણ કરી સ્વસ્વરૂપનું જ્ઞાન મેળવવા પોતાની સ્ત્રીને બોધ કરે છે. પતિની આજ્ઞાથી તે સતી અને તેનો પતિ બ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય લક્ષણોવાળા સદ્ગુરૂની શોધમાં રહે છે. એમ કરતાં તેઓનો, પૂર્વના પુણ્યનો ઉદય થયો હોય છે તો ઉક્ત લક્ષણોવાળા સદ્ગુરૂની તેમને પ્રાપ્તિ થાય છે, અને તેઓ સદ્ગુરૂશ્રીનું દંપતિ વિધિપૂર્વક અનન્ય શરણ ગ્રહણ કરે છે. લોભને વશ થઈ જેમ કોઇ લોભી દ્રવ્ય મેળવવાના ઉપાયો કોઇની પાસેથી કાન અને મનને સાવધાન રાખી એકાગ્રતાથી શ્રવણ કરે છે તેમ તે દંપતિ મોક્ષનાં સાધનો માટે ઉપદેશ કરેલાં સદ્ગુરૂશ્રીનાં અમૃતમય વચનોને મન તથા કાનને સાવધાન રાખી શ્રવણ કરે છે અને ઘેર ગયા પછી તેઓ તે વચનોનું પુનઃ પુનઃ મનન કરે છે. આ મધ્યમ સતીની શંકાનું સમાધાન થયા પછી તે સતી ઘેર આવી વિચાર કરે છે કે અહો ! પરમાત્માનો મારા ઉપર કેટલો બધો ઉપકાર ! સત્‌શાસ્ત્ર અને સદ્ગુરૂશ્રીનાં અમૃતમય વચનોથી ન જાણવાનું મેં કેટલું જાણીલીધું ? આ વિશ્વમાં પંખી, ને પશુઓના કરતાં મનુષ્યનો જન્મ મળવો કઠણ

છે, તે પુણ્ય વિના મળતો નથી, અને મનુષ્ય જન્મ પામીને પણ દુનિયાના પવિત્ર સ્થળોમાં અને તેમાં દ્વિજને ત્યાં જન્મ થવો તે દુર્લભ છે. દ્વિજમાં પણ બ્રાહ્મણને ત્યાં જન્મ થવો તે વધારે દુર્લભ છે. મનુષ્ય જન્મમાં દ્વિજને ત્યાં જન્મ પામીને જે સ્ત્રિયો પતિવ્રતા સ્ત્રિયોના ધર્મોથી વિમુખ છે તેઓની શી દશા થશે તે કળી શકાય એમ નથી. અહો ! સદ્ગુરૂશ્રીનો જેટલો ઉપકાર મનાય તેટલો ઓછો છે. તેઓશ્રીએ મારાં જ્ઞાન ચક્ષુ ખોલ્યાં છે. તેમની કૃપાથી જન્મ તે શું, એ હું જાણવા પામી છું. ખરેખર મનુષ્યનો જન્મ ધારણ કરીને એશ આરામમાં વખત પૂરો કરવાનો નથી, પરંતુ સતી સ્ત્રીને શોભે એવાં નિર્મળ લક્ષણોથી પરમાત્માભિન્ન પતિના સ્વરૂપને ઓળખી જેમ લવણની પૂતળી સમુદ્રમાં અભેદ ભાવને પામી જાય છે તેમ મારે મારા પતિના સ્વરૂપમાં અભેદભાવને પામી જવાનું છે. અહો ! હું નિશાળે જતી હતી ત્યારના અને સદ્ગુરૂશ્રી પાસેથી દીક્ષા લીધી ત્યારપછીના મારા વિચારમાં કેટલોબધો તફાવત પડયો છે ? નિશાળમાં જો કે મને સારૂં શિક્ષણ મળતું હતું તો પણ નિશાળમાં બીજી ધર્મ કાર્યમાં અસંસ્કારી સ્ત્રિયોના સહવાસથી હું મારૂં દ્વિજપણું ભૂલી જઇ, કેવળ તામસી અને રાજસી વૃત્તિને આધીન થઇ અયોગ્ય વિચારોને મારા હૃદયમાં સ્થાન આપતી હતી. ઉપરથી બીજા માણસોને રમણીય લાગે અને શરીરના અવયવો દેખાય, એવાં વસ્ત્રો પરિધાન કરી હું સાંજે ફરવા જાઉં તો શું ખોટું છે ? જ્યારે પુરૂષ વર્ગ સાંજે કે સવારે નદી કીનારે, દરિયા કીનારે, કે તળાવ કીનારે ફરવા જાય છે તો શા માટે હું પણ બીજી સ્ત્રિયોની માફક ફરવા ન જાઉં ? પરમેશ્વરે સ્ત્રી પુરૂષ બન્નેને સ્વતંત્રતા આપી છે તો તે સ્વતંત્રતાનો લાભ મારી ધ્યા-

નમાં આવે એમ હું કેમ ન લઉં ? કેટલીક સ્ત્રિયો બીજા પુરૂષોના જમણા હાથને પોતાનો જમણો હાથ આપી તે બંને પોતાના હાથો એક બીજા સાથે જોરથી દાબી જાણે તેમને કોઇ મહાન પદની પ્રાપ્તિ થઇ હોય અને ખુશ થાય એમ ખુશ થઇ ખૂબ હલાવે છે તો તે પ્રમાણે હું કેમ ન કરૂં ? કેટલીક સ્ત્રિયો પોતાના ઘરના ખાનગી ઓરડામાં પોતાના પતિની ગેરહાજરીમાં પારકા પુરૂષને બેસાડી એકાંતમાં વાતો ચીતો કરે છે તો પણ તેમનાં માત પિતા કે સાસુ સસરો બોલતાં નથી તો તે પ્રમાણે હું કરૂં તો શું ખોટું છે ? વગેરે તરેહના અસંખ્ય વિચારો મારા મનમાં આવતા હતા, પરંતુ નિશાળેથી ઘેર ગયા પછી મારાં પવિત્ર માત પિતાનાં દર્શન થતાં કે તરતજ તેવા ઉપરથી મોહ પમાડનારા વિચારોનો તિરોભાવ થઇ જતો હતો, અને આર્યતનયાને છાજે એવા નિર્મળ વિચારોનો આવિર્ભાવ હૃદયમાં થતો હતો. આ નિર્મળ વિચારોની સહાયતાથીજ નિશાળમાં થતા અન્ય વિચારોને હઠાવવા હું શક્તિમાન થતી હતી અને તે નિર્મળ વિચારોને લીધેજ અત્યારે સદ્‌ગુરૂશ્રીનાં દર્શન કરી હું કોણ છું તે સમજવા લાગી છું.

કેટલીક સ્ત્રિયો પતિનું મહાત્મ્ય નહીં સમજતાં પતિને દુઃખ દેવામાં અને પતિને ઘરનો એક ગુલામ સમજી સ્વચ્છંદે વર્તવામાં આનંદ માને છે, કેટલીક સ્ત્રિયો જેમ ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન હોય તેમ પતિ અભણ હોય અને પોતે બે અક્ષર ભણી હોય તેના ભણતરનો ખોટો ઉપયોગ કરી, ધણીને રખડતો મૂકી, બીજા પુરૂષો સાથે પોતાનો નિષિદ્ધ પ્રેમ દર્શાવી પ્રફુલ્લ થાય છે, કેટલીક પુસ્તકોનો અભ્યાસ કરી, નોકરી મેળવી, પતિની દરકાર કરતી નથી, અને હમેશાં પતિને કટુ વચનોનો પ્રહાર કરી પોતાનું સતીપણું બ

તાવે છે, કેટલીક પતિની આજ્ઞા શિવાય ભજનમાં જઇ ભટકતી વૃત્તિએ તાળીયો કુટવા મંડી જાય છે, પરંતુ ભજન એટલે શું ? તથા ભજન થતું હોય ત્યાં કેવી વૃત્તિએ ભજન કરવું જોઇએ તે સમજતી નથી, કેટલીક કારતક માસ, શ્રાવણ માસ, કે અધિક માસમાં નદીએ નહાવા જવાનો નિયમ રાખી નહાવા જાય છે, પરંતુ રસ્તામાં વૃતિ પ્રભુના નામ સ્મરણમાં લગાડ્યા શિવાય, વૃત્તિને કોઇ બીજાજ વિષયોમાં રોકે છે અને પ્રસંગાનુસાર અન્યની નિંદા પણ કરે છે, કેટલીક સાંજે કથા સાંભળવા જાય છે, અને કથા સમાપ્ત થયા પછી શ્રવણ કરેલા વિષયનું મનન નહીં કરતાં રાગદ્વેષવાળા વિષયોનું મનન કરે છે, કેટલીક દર્શન માટે જૂદા જૂદા દેવ મંદિરોમાં દોડમદોડ કરી મૂકે છે, અને મૂર્તિને જોઇ ન જોઈ કરી પાછી ફરે છે. આ સર્વે ઉપાયોમાંથી એક પણ ઉપાય કનિષ્ટ પ્રકારની સતીનું શ્રેય કરનાર નથી તો મધ્યમ સતીનું શ્રેય તો કયાંથીજ કરે ? અને કનિષ્ટ કે મધ્યમ સતી આવા ઉપચારો પ્રતિ પોતાનું લક્ષ્ય દોડાવે પણ નહીં; કારણ કનિષ્ટ અને મધ્યમ સતીને તો પ્રથમ પોતાના પતિની આજ્ઞામાં રહી સર્વે કાર્ય કરવાનું છે, અને પૂર્વોક્ત ઉપચારો તો સતીના સતિત્વમાં ન્યુનાધિક દોષ દર્શક છે, એટલે કોઇ પણ પ્રકારની સતી થવા ઇચ્છનાર સ્ત્રીને તે ઉપચારમાંથી એક પણ ઉપચાર કામમાં આવે એમ નથી. ભજન સાંભળવું કે દર્શન કરવું તે સારૂં છે, પરંતુ વિહિત રીતે થાય તોજ લાભ કર્તા છે, અને આગળ જતાં કનિષ્ટ કે મધ્યમ સતી થવાને સહાયભૂત થઈ પડે તેમ છે. અન્યથા અંતઃકરણની શુદ્ધિ થયા વિના મનમાં કંઇ કંઈ વિચારો ઉઠતા હોય તે વખતે ભજન ગાવાથી કે દર્શન કરવા જવાથી લેશપણ ફાયદો થતો નથી.

યોગીઓનાં ચિત્ત જેમાં રમણ કરી રહ્યાં છે તેને રામ કહેવામા આવે છે, આ રામને પ્રાપ્ત કરવામાં જેને જેમ ફાવે તેમ તે પ્રયત્ન કરે છે, કોઇ પ્રાર્થના કરે છે, કોઈ ભજન ગાય છે, કોઇ કથા શ્રવણ કરે છે, અને કોઈ દર્શન કરે છે, પરંતુ તે સર્વે સાધનો ક્યારે સિદ્ધ થાય તે સમજવું જોઇએ.

ભજનમાં હજારો સ્ત્રી પુરૂષો એકઠાં થયાં હોય તેમાં દરેકની વૃત્તિઓ એકસરખી હોતી નથી, તેમાં કેટલીક સ્ત્રિયો ભજન સાંભળવા નિમિત્તે અને દર્શન નિમિત્તે અયોગ્ય વિચારોને ફળીભૂત કરવા ત્યાં જતી હોય, અને કેટલાક પુરૂષો પણ તેજ કાર્ય માટે તિર્થની જગ્યાએ જતા હોય તો તેવી જગ્યાએ જવાથી તેમને કોઇ પણ પ્રકારનો ફાયદો થતો નથી. ભજન થતું હોય તે વખતે ભજન સાંભળનાર સ્ત્રીએ વિચારવું જોઇએ કે, હું અહીંઆં શ્રીરામ નામનું ભજન સાંભળી તે પવિત્ર શબ્દોના પ્રતાપથી આ સ્થળે ફેલાતા પવિત્ર પરમાણુઓથી મારા હૃદયમાં જે દુષ્ટ વિચારો એકત્ર થયા હોય તેનો નાશ કરવા આવી છું, તો મારા હૃદયમાંના દુષ્ટ વિચારોથી એકત્ર થએલો કચરો જતો રહે તે માટે મારે સાવધાનતાથી ભજન સાંભળી તેનું મનન કરવું જોઇએ, અને તે ભજનમાં બતાવ્યા પ્રમાણે ચાલવા પ્રયત્ન કરવો જોઇએ.

અઠવાડીઆમાં એક વખત પુરૂષના સમૂહમાં બેશી અસાવધાનતાથી ઉપરથી મોહ પમાડનારાં વસ્ત્રો પરિધાન કરી બે ચાર કવિતાઓ ગાઇ એટલે ભજન પૂરૂં થયું અને અમે સ્વર્ગમાં ઈંદ્રની સાથે કે પ્રભુ સાથે બેઠાં અને સતી કહેવાયાં એમ ભજન કરનારે સમજવાનું નથી. અઠવાડીઆમાં એક દિવસના ભજનથી ભજન કરનારનું અંતઃકરણ પવિત્ર થાય એમ માની શકાય એમ નથી. કદાચ શુદ્ધ વૃત્તિથી થોડા સારા સંસ્કાર પડે એમ એક પક્ષે સ્વીકારીએ તો

પણ તે થોડા સારા સંસ્કાર આઠ દિવસમાં ભૂસાઇ જઇ તેને બદલે બીજા મલિન સંસ્કારોનો વધારો થાય છે, છતાં પણ બારીકીથી વિચાર કરતાં એમ માલૂમ પડે છે કે અઠવાડીઆમાં એક વખત પણ ભજન કરવાથી લગાર પણ સારા સંસ્કાર પડે એમ અનુમાન થઇ શકતું નથી, તેનું કારણ એટલુંજ કે પુરૂષોના સમૂહમાં આર્યબાળાને પરિણામે અકૃતાર્થ કરનાર પહેરવેશ તેમજ રૂઢીથી મનમાં અહંકારનો ભાગ આવી જાય છે, તેમજ તેવા પહેરવેશથી સામા માણસનું મન અયોગ્ય રીતે તે તરફ આકર્ષાય છે, જેથી કરી તે સ્થળે શુદ્ધ ભાવનાઓનો પ્રવાહ વહેતો નહિ હોવાથી નઠારી ભાવનાઓના પ્રબળ અગ્નિમાં સારી ભાવનાઓની એક પૈસાભાર ઘીની આહુતિ હોમાઈ જવાથી ત્યાં કોઇપણ પ્રકારના સારા સંસ્કાર પડતા નથી. આવું સમજી તે મધ્યમ સતી ઉપરના કોઇપણ ઉપચારને માન આપતી નથી, પરંતુ પ્રથમ પોતાના પતિનુંજ ભજન, પતિનુંજ પૂજન અને પતિનાંજ દર્શન કરવા મનને સુદૃઢ કરે છે. પૂર્વના સારા સંસ્કારથી અને સદ્‌ગુરૂ શ્રીના ઉપદેશથી તે સમજવા લાગે છે કે પતિનું સ્થૂળ શરીર જે વસ્તુઓનું બનેલું છે તેજ વસ્તુઓનું મારૂં અને બીજાઓનું સ્થૂળ શરીર બનેલું છે માટે કોઈના પણ સ્થૂળ શરીરમાં મોહ રાખવો તે સતીને માટે યોગ્ય નથી, પરંતુ પતિના ત્રણ શરીરથી ભિન્ન, પંચકોશથી પાર રહેલો, સર્વેમાં અસ્તિ, ભાતિ, અને પ્રિયરૂપે રહેલો જે સ્વયંપ્રકાશ આત્મા છે તેજ હું છું અને તેમાંજ વૃત્તિની એકાગ્રતા કરવાથી હું પતિવૃતા છું એમ માની શકાશે.

આ સર્વોત્કૃષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવામાં દરેક સ્ત્રીને પતિની ખાસ જરૂર છે, કારણ સ્ત્રિયોમાં એક જાતનું એવું નબળું તત્વ છે કે પતિની સહાયતા વિના તેને ઉન્મત્ત બનાવી દે છે, અને પતિની સહાયતા હોય છે તોજ તેનાથી બીજાં કાર્યો સારાં થાય છે, આ

કારણથીજ સ્ત્રિયોને અબળા નામ આપવામાં આવે છે, એટલે પુરૂષની સહાયતા વિના સ્ત્રીથી સ્વતંત્ર રીતે કોઇપણ કાર્ય થઇ શકતું નથી. આખી સૃષ્ટિમાં કેટલીક સ્ત્રિયોએ ધર્મકાર્ય કે બીજાં લૌકિક કાર્ય સ્વતંત્રતાથી કર્યાં હશે તે ઉપરથી એમ સમજવાનું નથી, કે દરેક સ્ત્રીને સ્વતંત્ર રીતે દરેક કાર્ય કરવાનું મનોબળ છે. જ્યાંસુધી દેહમાં ભાન છે અને હું સ્ત્રી છું એવા વિચારો હૃદયમાં ઉપરા ઉપરી આવે છે ત્યાંસુધી તે સ્વતંત્ર છે એમ માની શકાય એમ નથી, માટે જ્યાં સુધી હું સ્ત્રી છું એટલું ભાન છે ત્યાંસુધી તેણીએ નાનપણમાં માતાપિતા, યુવાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્રની સાથે રહેવું જોઇએ, અને પોતાના ધર્મો સાચવવા જોઇએ. મહાસતી ગાર્ગીની પેઠે સ્ત્રીપણાનું ભાન જતું રહ્યું હોય તો સ્વતંત્ર રીતે વર્તવામાં હરકત નથી, તે શિવાય સ્વતંત્ર રીતે વર્તવામાં ઘણીજ જાતના દોષો રહે છે. તેમજ હું પતિવૃતા છું એવો ઉપરનો ડોળ રાખી સ્વતંત્ર રીતે વર્તવા જાય તેમજ મારૂં મન ચોખ્ખું છે તો પારકા પુરૂષ સાથે હસીને બોલવામાં શો વાંધો છે, આવું સમજી પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ રીતે પારકા પુરૂષ સાથે બેશી ગમે તે વિષય ચર્ચાવે અને કસોટી માટે શ્રી ઇશ્વર તરફથી પડતાં સંકટો સહન કરવાનું તેનામાં મનોબળ નહિ હોવાથી વિપરીત માર્ગે દોરાઇ સંત મહાત્માઓની દૃષ્ટિએ તે સતી છે એમ પ્રતીત ન થાય તો તેવું વર્તન રાખવું એ આર્યબાળાને છાજે નહિ. હિંદુ ધર્મશાસ્ત્રમાં જે આર્યબાળાઓને સંપૂર્ણ શ્રદ્ધા હોય તેમણે તો પારકા પુરૂષ સાથે બેશીને વાતો તો શું, પરંતુ તેમના સામી દૃષ્ટિ પણ ન કરવી જોઇએ. જે સ્ત્રિયોનાં અંતઃકરણની વૃત્તિઓ પતિના સ્વરૂપમાં સંલગ્ન થઇ રહી હોય તેમણે બીજા પુરૂષો પ્રતિ દૃષ્ટિ કરી સ્વરૂપાનંદમાં વિક્ષેપ નજ પાડવો જોઇએ. રસ્તામાં જતાં કદાચ દૃષ્ટિ પડી જાય તો વાંધો નથી પરંતુ જાણી

જોઇને ધારી ધારીને પારકા પુરૂષોને જોવા, તે સતીને અથવા સતી થવા પ્રયત્ન કરનાર સ્ત્રીને માટે યોગ્ય નથી. પરંતુ જે સ્ત્રિયોને શાસ્ત્રોમાં બીલકુલ વિશ્વાસ નથી, અને અણસમજથી પોતાનો કક્કોજ ખરો છે એવું સમજીને સ્વતંત્રપણે વિચરતી હોય તો તેમના શરીરની હાલના જમાના પ્રમાણે તે મુખત્યાર છે; એટલે યૌવન, લક્ષ્મી, અને સ્થૂળ વિદ્યાના મદથી ઉન્મત્ત થએલી સ્ત્રિયોને સાધુ પુરૂષના વચનોનો બોધ લાગે એ કાંઇક અંશે પણ માનવા લાયક નથી. આવી મનમુખી સ્ત્રિયો સાથે બેશી કાળક્ષેપ કરવો એ સતી સ્ત્રીને માટે યોગ્ય નથી, એમ સમજી મધ્યમ સતી વિપરીત વિચારની સ્ત્રિયો સાથે કોઇપણ પ્રકારનો સંબંધ રાખતી નથી, પરંતુ પતિના સ્વરૂપને પ્રાપ્ત કરવાનો યત્ન સેવે છે, અને સદ્ગુરૂ પરમાત્માએ તેને જે સાધનો બતાવ્યાં હોય તેને તે ક્રમાત સિદ્ધ કરે છે.

તે એમ સમજે છે કે આ દુનિયામાં પરમાત્માભિન્ન પતિનું ભજન કરી, આ દેહ પડ્યા પછી મારા સ્વરૂપમાં લીન થવા મનુષ્યનો અવતાર મળ્યો છે. મનુષ્યાવતાર મુમુક્ષુ સ્ત્રીપુરૂષોને પેલે પાર લઇ જનાર નાવ છે, તે નાવને શ્રી સદ્ગુરૂના ઉપદેશ પ્રમાણે સંસારરૂપી સમુદ્રમાં ચલાવવામાં આવે તો સમુદ્રના માર્ગનું જ્ઞાન થવાથી કોઇપણ પ્રકારની હરકત નહિ નડતાં સુખપૂર્વક, મનોજયથી પ્રયત્નપૂર્વક પેલેપાર લઇ જવાય, માટે પારકી સ્ત્રિયોની નિંદા અને પોતાની સ્તુતિમાં પ્રવૃત નહિ થતાં, તેમજ બીજી રીતે વખતનો ખોટો ઉપયોગ નહિ કરતાં મારે પતિભક્તિમાં તેમજ મારા સાધનોમાં ઉત્સાહપૂર્વક સાવધાનતાથી પ્રવૃત્ત રહેવું જોઇએ.આવા શુભ વિચારથી તે મધ્યમ સતી સવારમાં ચાર વાગે જાગૃત થાય છે, જાગૃત થયા પછી તે પોતાના મનને બીજા વિચારોમાં નહિ રોકતાં પ્રથમ પોતાના પતિ અને સદ્ગુરૂશ્રીનાં દર્શન કરે છે, દર્શન

કરતી વખતે તે એવી ભાવના કરે છે કે, હે પ્રભો ! જેમ તમે મને નિદ્રામાંથી જાગૃત કરી છે તેમ અસંખ્ય જન્મોમાં કરેલા કર્મોથી મારા હૃદયમાં એકઠો થએલો મળ છે તે દૂર કરવા, તેમજ મહા-ગાઢ નિદ્રારૂપી અજ્ઞાનને દૂર કરવા મારા અંતઃકરણને બળવાન બનાવજો કે જેથીકરી હું પતિ સ્વરૂપમાં લીન થઇ જાઉં. સ્તુતિ કર્યા પછી તે મધ્યમ સતી આંખ મોં ધોઇ એ આચમન લઇ શાંત ચિત્તે નીચે બેસે છે, અને આખા દિવસમાં લૌકિક તથા પારલૌકિક કયાં કયાં કર્મ કરવાં તે સાવધાનતા પૂર્વક વિચારી તેવાં કર્મો એક પછી એક કરાય તેની સ્મૃતિ રાખે છે. આ વિચારનો નિશ્ચય કર્યા પછી તે સતી પતિના સ્વરૂપમાં વૃત્તિને રાખી શૌચ જવા જાય છે. શૌચ કરતી વખતે તે બીજા દુષ્ટ વિચારોનું સેવન કરતી નથી. શૌચે જઇ આવી માટીથી હાથ પગ ધોઇ દંતધાવન કરે છે. દાંતને બાવળના દાતણના કુચાથી સાવધાનતા પૂર્વક સ્વચ્છ કરે છે, જેથી તે કુચાની કોઇપણ અણી તેના દાંતમાં પેશી જતી નથી તેમજ તેને બીજી કંઇ વ્યથા કરતી નથી. બાવળના દાતણના કુચાથી દાંતોને હમેશાં સાફ કરતી હોવાથી તેના દાંત ઉપર કોઇપણ પ્રકારનો મેલ ચઢતો નથી, પરંતુ દાંત હમેશાં દાડમની કળી જેવા રહે છે. શૌચ જવા પૂર્વે ગરમ કરેલું પાણી તથા બીજાં વસ્ત્રો નહાવાની જગ્યાએ મૂકેલાં હોય છે એટલે દંતધાવન કરી ઉષ્ણ જળને અભિમંત્રી પૂર્વદીશાએ મુખ રાખી શરીરના દરેક દરેક અવયવોને ચોળી, શરીર ઉપરનો મેલ ઉતારી, સ્વચ્છતાથી સ્નાન કરે છે. સ્નાન કરતી વખતે પણ જેમ મારા સ્થૂળ શરીરનો મેલ પાણીથી દૂર થાય છે તેમ મારા હૃદયનો મેલ મારા પતિની ભક્તિથી દૂર થજો એમ તે ભાવના કરે છે. સ્નાન કરી રહ્યા પછી બાજુએ રાખેલાં સ્વચ્છ વસ્ત્રો પરિધાન કરી પોતાના પતિ પાસે જાય છે અને દૂર ઉભી રહી પતિને જાગ્રત્ થવા

પ્રાર્થના કરે છે. પતિ જાગ્રત્ થાય છે એટલે તેમને નમન કરે છે, અને પોતાનું અખંડ સૌભાગ્ય રહે એમ મનમાં પ્રભુની પ્રાર્થના કરે છે. પતિના જાગ્રત થયા પછી પતિને શૌચ જવા સામગ્રી આપે છે. શૌચ જઇ આવી પતિ દંત ધાવન કરી સ્નાન કરે છે. સ્નાન કરી રહ્યા પછી પવિત્ર વસ્ત્રો પેહેરી સંધ્યા કરવાના સ્થળ ઉપર સંધ્યા કરવા બેઠા પછી તે મધ્યમ સતી પોતાના બેસવાના સ્થળે નિત્ય કર્મ કરવા બેસે છે. નિત્ય કર્મ કરી રહ્યા પછી તેને સ્વસ્વરૂની પ્રાપ્તિ માટે જે સાધનો બતાવ્યાં હોય છે તે પ્રમાણે તે વર્તે છે. આ ક્રિયા પૂર્ણ થયા પછી તે રસોઈ કરવા પ્રવૃત્તિ કરે છે. રસોઇ કરવી તે ફ-ક્ત પોતાના પેટ માટે નહીં પરંતુ જેની કૃપાથી અન્નની ઉત્પત્તિ થઇ છે એવા ભગવાનને નૈવેદ્ય ધરાવી પોતાના પતિને જમાડી પો-તાને જમવાનું છે એવા વિચારથી તે રસોઇ કરે છે. રસોઇ કરવા રસોઇનું વસ્ત્ર પેહેરી રસોઇના સ્થળમાંથી બહાર નીકળવાનું નથી પરંતુ સ્પર્શાસ્પર્શ થાય નહી એવી સાવધાનતાથી રસોઈ કરવાની છે, એમ સમજી તે મધ્યમ સતી રસોઇ કરવાનાં જે જે સાહિત્ય જોઇએ તે તે આગળથી તૈયાર કરી રાખે છે. રસોઇ કરતાં મન વ્યગ્ર નહીં કરતાં હૃદયમાં આનંદ લાવી સ્વસ્થ ચિત્તે રસોઇ કરે છે. રસોઇ પૂર્ણ થયા પછી વૈશ્વદેવ કરવા પોતાના પતિને વિનતિ કરે છે. પતિ વૈશ્વદેવ કર્યા પછી જ્યારે જમવા પધારે છે ત્યારે તે મધ્યમ સતી જમવા નિમિત્તનાં સર્વ સાહિત્ય તૈયાર કરી પતિને જમવા બેસવા વિનતિ કરે છે, અને પતિ જમી રહે ત્યાં સુધી તે ઊભી રહે છે, અથવા પતિ આગળ બેસે છે, અને પોતાને જે જે શંકાઓ પરમાત્માના જ્ઞાન સબંધી હોય છે તે તે પૂછે છે, અથવા મધુર કંઠથી પતિ ભક્તિનાં ભજન કરે છે. પતિના જમી રહ્યા પછી પતિનું ઉચ્છિષ્ટ ખાયછે. પ્રાણનો પ્રવાહ વિશેષ કરીને હાથ અને પગના

અગ્ર ભાગમાંથી વધારે વહ્યા કરે છે. પતિને પરમાત્મારૂપ માનવામાં પૂર્ણ શ્રદ્ધા હોવાથી તે સતીને પોતાનો પતિ પરમાત્મા તુલ્ય લાગે છે, અને પરમાત્મા સત્, ચિત્ અને આનંદ સ્વભાવવાળા હોવાથી તેમણે કરેલી દરેક ક્રિયા સત્, ચિત્ અને આનંદમય થઈ જાયછે, જેથી પરમાત્મા તુલ્ય પતિનું જમતાં બાકી રહેલું અન્ન પણ સત્વ-ગુણવાળું હોઇ તેનું પ્રસાદી તરીકે ભોજન કરનાર સતીના હૃદયમાંથી મલિન સંસ્કારોને દૂર કરેછે. આવા હેતુથી તે મધ્યમ સતી પતિનું ઉચ્છિષ્ટ પ્રેમથી ખાય છે. જમી રહ્યા પછી થોડીવાર વિશ્રાંતી લઇ રોજગાર નિમિત્તે પતિના બહાર ગયા પછી તે સતી એઠાં વાસણો સ્વચ્છતાથી માંજી સાફ કરે છે, અને યોગ્ય જગ્યામાં ગોઠવે છે, તેમજ છાણમાટીથી ચૂલો તથા જમવા બેઠા હોય તે સ્થળ લીંપે છે, જેથી તે સ્થળે કોઇપણ પ્રકારનો એઠવાડ રહેતો નથી. આ સર્વ કાર્ય થયા પછી તે મધ્યમ સતી પોતાના હૃદય અને મનને પુષ્ટ કરે તેવા ધાર્મિક ગ્રંથો વાંચે છે, વાંચી તેનું મનન કરેછે, અને પ્રસંગોપાત્ત નિદિધ્યાસન પણ કરે છે, વખત મળતાં પોતાની આવડત પ્રમાણે ભરવા ગુંથવાનું કામ પણ કરે છે. પોતાની પાસે, પડોશની યુવાવસ્થાવાળી કોઇ બીજી સ્ત્રિયો પાસે આવીને બેસે છે તો તેમને તેમના ધર્મો કેવી રીતે સાચવવા તે અનુભવ, યુક્તિ અને શાસ્ત્રથી સિદ્ધ કરી બતાવે છે, અને સતીપણામાં ન્યૂનતા ન આવે એવી રીતે સાવધાન રહેવા તેમને શીખામણ દે છે. આ સતીની શીખામણ કાઢી નાંખવા જેવી હોતી નથી, પરંતુ તેની શીખામણથી અન્ય સ્ત્રિયોનાં મન આકર્ષાય છે, જેથી તેની પાસેથી પોતાના ધર્મનું જ્ઞાન સંપાદન કરવા જિજ્ઞાસુ સ્ત્રિયો હમેશાં નવરાશની વખતે આવે છે.

સતી સ્ત્રિયોમાં એક પ્રકારનું ધાર્મિક બળ એવું હોય છે કે તે મુખથી જે બોલે છે તેજ પ્રમાણે થાય છે. એનું કારણ એટલુંજ

હોય છે કે તેવી સ્ત્રિયોનાં મન શાસ્ત્રાનુસાર પતિના સ્વરૂપમાં લાગેલાં હોય છે જેથી તેમને કોઇપણ દિવસ મિથ્યા બોલવાનો પ્રસંગ આવતો નથી, અને મિથ્યા બોલવાના અભાવે તેમજ સત્ય બોલવાના પ્રભાવે તેના ઉપર વાણીના દેવતા પ્રસન્ન થાય છે, જેથી હૃદયમાં પતિનું સ્મરણ કરી તે સતી જેવી ઇચ્છાથી જેવું બોલે છે, તેવું ફળીભૂત થાય છે. આ સતીની ઇચ્છા નિષિદ્ધ વસ્તુ મેળવવાની હોતી નથી, પરંતુ તેનું વલણ સત્ય વસ્તુ મેળવવા તરફ હોય છે, જેથી કોઇ પણ પ્રાણી પદાર્થના વિનાશમાં તેનું મન લાગતું નહી હોવાથી, ફક્ત પતિના સ્વરૂપમાં અભેદભાવે લીન થઇ જવાનો તેનો દૃઢ નિશ્ચય હોવાથી તેનું પ્રધાનપણે તેવા વિષયમાં ચિત લાગેલું હોય છે, જેથી તેવી દયાળુ સ્ત્રિયોને બીજાના અહિતમાં તત્પર રહેવાનું કયાંથી બને? નજ બને. આવા હેતુથી તેની ઇચ્છા નિષિદ્ધ માર્ગવાળી નહી હોવાથી તે કોઇપણ દિવસે અયોગ્ય અથવા મિથ્યા બોલતી નથી, જેથી તેની વાણી દિનપ્રતિદિન મધુર, અને વિશુદ્ધ પ્રેમવાળી બનતી જાય છે, તેથી વાણીના દેવતા પોતાની ચંચળતાનો ત્યાગ કરી તેવી સતીની ચમત્કારી સત્તાને તાબે થઇ જાય છે, અને તેવી સ્ત્રિયો, જે વચન બોલે છે તે પારમાર્થિક સત્તાથી ફળીભૂત થાય છે, માટે આવી મધ્યમ સતીની શીખામણ જેવી તેવી હોતી નથી, પરંતુ સત્યજ હોય છે, અને સત્યના પ્રભાવે અન્ય જિજ્ઞાસુ સ્ત્રિયોનાં મન તેવી સતી તરફ જવા હમેશાં આકર્ષાય છે.

અન્ય સ્ત્રિયોને પોતપોતાના ધર્મ કાર્યમાં યોજતી છતી આ મધ્યમ સતી પોતાના ઘરની પણ બરોબર વ્યવસ્થા રાખે છે. ઘરમાં કોઇ પણ પ્રકારનો ગંદવાડ રાખતી નથી, ઘરની બારીઓ, વાસણો, ગોદડાં તથા બીજો સામાન તે કમાત સાફ કરે છે, તેમના ઉપર ધૂળ ચડવા દેતી નથી; બેસવાનાં ને સૂવાનાં સ્થળો હમેશાં સાફ

કરે છે, તેમજ હમેશાં માંજવાનાં વાસણો, પીવાનાં વાસણો, અને ધર્મ કાર્યમાં લેવાનાં વાસણો હર્ષભેર સાફ કરે છે. વખતનો ખોટો ઉપયોગ કરવો તે તેને વિષ સમાન લાગે છે, તે કોઇની કુથલી કરતી નથી, તેમજ કરવા દેતી નથી. અહિંસા એ પરમ ધર્મ છે એમ સમજી, મન, વાણી, અને કર્મથી તે કોઇની પણ હિંસા કરતી નથી, પરંતુ પોતાના ધર્મમાં દિનપ્રતિદિન વધતું રહેવાય એવા મુખ્ય વિચારથી તે દરેક કાર્ય દક્ષતાથી કરે છે. તે સતી પોતાના કાર્યને બરોબર સમજે છે, પોતાના પડોશીના તેમજ સંબંધી જનોના કર્તવ્યને સમજી તદનુસાર વર્તે છે; પોતાના પતિની આજીવિકા ઓછી હોય તો તેના પ્રમાણમાં તે ખર્ચ કરે છે, પરંતુ પોતાના પતિને ઋણમાં કોઈ દિવસ નાંખતી નથી. કદાચ ઉપવાસ કરવો પડે તો ફીકર નહીં પરંતુ પતિને ઋણમાં નાંખી તેમનો અંતરાત્મા દુભાય તે યોગ્ય નહીં, એવી તેનામાં સમજણ હોવાથી તે હમેશાં સાદું ભોજન અતિ હર્ષથી કરે છે. સાદાં લુગડાં પહેરવાં તે પસંદ કરે છે, અને પોતાના ઘરનો ખર્ચ વિવેકપૂર્વક કરે છે. વાળને હદ ઉપરાંત શણગારવા તેમજ અંગ દેખાય એવાં વસ્ત્ર પરિધાન કરવાં તે તેને વિષ સમાન લાગે છે, કારણ કે જ્યારે તેની વૃત્તિ રાગપૂર્વક આવા ઉપચારો તરફ તણાતી હોય ત્યારે તેનામાં વૈરાગ્ય કયાં રહ્યો ? અને વૈરાગ્યના અભાવે તેનું મન ચંચળ હોવાથી તે પોતાના પતિની ભક્તિમાં મન સ્થિર કેવી રીતે કરવાની હતી ? અને વૃત્તિની સ્થિરતાના અભાવે પતિ સ્વરૂપમાં વૃત્તિને એકાગ્ર કરવાથી મળતું અનુપમ સુખ તેને કેવી રીતે પ્રાપ્ત થવાનું હતું ? માટે આવી મધ્યમ સતીને તેવા ઉપરથી મોહ પમાડતા પેહેરવેશ તરફ અભાવજ હોય એમાં સંશય નથી. સાધ્વી સ્ત્રિયોના મનને ગ્લાનિ ઉત્પન્ન કરનાર કેટલાક

અવિનયી પહેરવેશથી તેવી સતી દૂરજ રહે છે જેથી તેનું મન નિર્વિકાર રહે છે. તે એમ સમજે છે કે પોતાના વાળ ઉત્તમ પ્રકારે શણગાર્યા, અને ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કર્યાં એટલે પતિના પ્રેમને વશ થઇ સતી કહેવાયાં એમ સમજવાનું નથી, પરંતુ, યમ, નિયમ વગેરે સાધન કરી, ગુરૂ અને શાસ્ત્રનાં વચનોમાં વિશ્વાસ રાખી, જાણવાનું જાણી પ્રાપ્ત કરવાનું પ્રાપ્ત કરીશ તોજ પરિણામે શાશ્વત સુખની ભોક્તા થઇશ.

આ ઉપરથી રમણીય લાગે એવા પહેરવેશથી કોઇ પણ સ્ત્રીને સ્થાયી સુખ મળ્યું છે ? શાસ્ત્ર કહે છે કે આધ્યાત્મિક, આધિભૌતિક, અને આધિદૈવિક એ ત્રણ પ્રકારનાં દુઃખોનો ફરીથી ન ઉપજે એવો નાશ અને પરમાનંદની નિત્ય પ્રાપ્તિ તેજ મોક્ષ છે. તો એ ત્રણપ્રકારનાં દુઃખોનો શું ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરવાથી નાશ થતો હશે ? કોઇપણ કાળે નહીં, અને જ્યારે એ ત્રણ પ્રકારનાં દુઃખોનો નિઃશેષ નાશ થયો નથી ત્યાં સુધી પરમાનંદની પ્રાપ્તિ ક્યાં છે ? અને જ્યારે પરમાનંદની પ્રાપ્તિના અભાવે હૃદય આનંદના ઉભરાએ.થી ભરપૂર થયું નથી, ત્યાંસુધી તત્વનો સાક્ષાત્કાર કર્યો છે એમ કેમ મનાય ? નજ મનાય. માટે બીજી ઉછૃંખલ સ્ત્રિયોની પેઠે ઉપરથી ટાપટીપ રાખી પતિને મોહાંધ બનાવી મારે મારૂં સતીપણું મોઢેથી કહી બતાવવાનું નથી, પરંતુ મારા આર્યધર્મને બાધ ન આવે એવાં વસ્ત્રો પહેરી, શાસ્ત્રાનુંસાર વર્તન રાખી, સતીને યોગ્ય લક્ષણો સંપાદન કરી સંત મહાત્માઓની દ્રષ્ટિએ હું સતી છું એમ તેઓ તરફથી સુસિદ્ધ થવું જોઇએ. આવું સમજી તે મધ્યમ સતી તેવાં વસ્ત્રાલંકાર ધારણ નહીં કરતાં સાધારણ વસ્ત્ર પહેરે છે, અને સતી સ્ત્રિયોનાં છિદ્ર જોનારા કામ અને પ્રમાદનો પતિના સ્મરણથી

જપ કરે છે. પોતાની સાધારણ સ્થિતિ હોય છે તો પણ તે કોઈપણ ભીખારી બારણા આગળ માગવા આવે છે તેને નિરાશ કરી પાછો કાઢતી નથી, પરંતુ પોતાની શક્તિના પ્રમાણમાં તેને કાંઇક પણ આપે છે. પતિ પોતાના ધંધામાંથી પરવારી ઘેર આવે છે ત્યારે આ મધ્યમ સતી તેને શુદ્ધ પ્રેમથી નિરખી તેના માટે આસન તૈયાર કરે છે, જેના ઉપર તેનો પતિ બેસે છે. તેના બેઠા પછી જળનો લોટો આગળ મૂકે છે તેમાંથી પાણી પી નિવૃત થયા પછી બન્ને દંપતિ એક બીજાના સમાચાર પૂછે છે. સાયંકાળનો વખત થએલો હોવાથી પતિને સ્નાન કરવા જળ આપે છે. સ્નાન કરી રહ્યા પછી પતિના સાયંસધ્યામાં બેઠા પછી પોતે પણ સ્નાન કરી સાયંકાળનું ધર્મકાર્ય જે પોતાને કરવાનું હોય તે કરે છે. આ કાર્ય પૂરૂં થાય છે એટલે સાંજે જમવાની ઇચ્છા થાય છે તો સૂખપૂર્વક પચી શકે એવું અને એટલું અન્ન પોતે તૈયાર કરી પતિના જમ્યા પછી પોતે જમે છે. ત્યાર પછી ઘરનું અગત્યનું કામ કરી રાત્રિએ સુવાનો વખત થતાં સુધી ઉપયોગી શાસ્ત્રોમાંથી ઉપયોગી ભાગ પતિના સન્મુખ બેશી વાંચે છે. વાંચતાં શંકા પડે તો પતિને પૂછી તેનું સમાધાન કરે છે, અને સૂવાનો વખત થાય છે એટલે પતિના સ્વરૂપનું અનુસંધાન કરી વૃત્તિને તેમાંજ રાખી સાત્વિકી નિદ્રા લે-છે. આવી રીતે વૃત્તિને પતિભક્તિમાં રાખી દિવસ નિર્ગમન કરવાથી તે મધ્યમ સતીને કોઇપણ પ્રકારનું કષ્ટ આવી પડતું નથી અને કદાચ કોઇપણ પ્રકારનું સંકટ આવી પડે છે તો તેનામાં તિતિક્ષાનું બળ હોવાથી તેવાં સંકટોને તે ગણકારતી નથી. જે સ્ત્રિયોનાં મન પતિભક્તિમાં લાગ્યાં હોય તેમને કોઇપણ કાળે સંકટ પડતું નથી, પરંતુ અમે પતિવ્રતા છીએ એવો ઉપરથી ડોળ રાખે તેવી સ્ત્રિયો

સંકટ પડે તે વખતે સંકટથી પડતાં દુઃખો સહન કરવાનું તેમનામાં મનોબળ નહિ હોવાથી ગભરાઇ જાય અને નિંદિત કાર્યમાં પ્રવેશ કરે, તો તેવું સતીપણાનું ઉપરથી ડોળ રાખવું તે નકામું છે. સતી સ્ત્રિઓની પરીક્ષા સંકટ વખતેજ થાય છે, અને ખરા સંકટ વખતે પણ જે સ્ત્રિયો પૃથ્વિપતિના દ્રવ્યમાં પણ ચલાયમાન થતી નથી તેજ યથાર્થ મધ્યમ સતી છે એમ કહેવાય તો ખોટું નથી.

મધ્યમ સતીને લાયક જે ઉપલાં લક્ષણો સંક્ષિપ્તમાં જણાવ્યાં તે લક્ષણો સંપાદન કરવા ઉપરાંત ઉત્તમ સતીને બીજાં વધારે શુભ લક્ષણો સંપાદન કરવાનાં છે.

ઉત્તમ સતી જેમ બુભુક્ષુને ભોજન શિવાય અન્ય વ્યાપાર રૂચતો નથી તેમ પતિના સ્વરૂપથી અભિન્ન પોતાના સ્વરૂપનો હસ્તામળકવત્ સાક્ષાત્કાર કરવા શિવાય અન્ય પદાર્થોમાં રૂચિ રાખતી નથી. બ્રહ્મ તથા સર્વેના સ્થૂળ શરીરાદિના ભેદને તે બરોબર સમજે છે. ઇશ્વર અને જીવનો ભેદ, ઇશ્વર અને જડનો ભેદ, જીવ જીવનો પરસ્પરમાં ભેદ, જીવ અને જડનો ભેદ અને જડ જડનો પરસ્પરમાં જે ભેદ મનાય છે તેનો સાધક બાધક યુક્તિથી નિર્ણય કરી, સર્વે જડ પદાર્થો અને ચૈતન્યનો ભેદ વસ્તુતાએ મિથ્યા છે એમ સમજી સ્થાવર જંગમ અને સર્વે વસ્તુનું અધિષ્ઠાન ચૈતન્ય છે તે મય થઇ જવા તે પ્રયત્ન કરે છે. તે સમજે છે કે આ દૃશ્ય પદાર્થની ઉત્પત્તિ અને આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ પાંચ અપંચિકૃત ભૂતોની ઉત્પત્તિ માયા ઉપહિત ચેતન એટલે માયા જેનો ઉપાધી છે એવા ચેતનમાંથી થએલી છે, અને માયા ઉપહિત ચેતનની કલ્પના શુદ્ધ ચેતન જેને બ્રહ્મ કહે છે એમાં થએલી છે, માટે મારૂં અને દરેક પ્રાણીનું સ્થૂળ સૂક્ષ્મ, અને કારણ શરીર તેમજ આ દેખાતો

સર્વ પ્રપંચ બ્રહ્મમાંથી આવીર્ભાવ પામેલો છે, તેથી મારૂં મૂળ સ્વરૂપ બ્રહ્મજ છે અને મૂળ સ્વરૂપમાં સ્થિત થયા વિના કોઈપણ કાળે પરમશાંતિ મળવાની નથી, આવું સમજી તે ઉત્તમ સતી ગુરૂપદિષ્ટ યુક્તિથી પોતાની અન્ય વૃત્તિઓને રોકી કેવળ બ્રહ્મમય વૃત્તિ કરવા પ્રયત્ન સેવે છે. ખાવું પીવું તેને પસંદ પડતું નથી, અન્ય સાથે વાતો કરવી પડે તો ન ચાલે, તેનો ઉત્તર ટુંકાણમાં પતાવે છે, અને પોતાનું કાર્ય કરતી રહે છે. ખાતાં પીતાં, ઉઠતાં બેસતાં, ને પતિની સાથે વાતો કરતાં તેની વૃત્તિ બ્રહ્મમયજ થયા કરે છે. પૃથ્વીના ચક્રવર્તી નૃપથી તે બ્રહ્માના સુખ પર્યંત જે સો સો ગણો ચઢતો આનંદ છે તેના કરતાં કરોડો ગણો આનંદ અને શાંતિનો અનુભવ બ્રહ્મમય વૃત્તિ કરવાથી તે ઉત્તમ સતી કરે છે. આવો અદ્વિતીય આનંદ અનુભવ્યા પછી બીજો આનંદ તેને તુચ્છ જણાયાથી પ્રમાદથી પણ અન્ય લૌકિક આનંદ મેળવવા પોતાની દૃઢ મનોવૃત્તિને ચલાયમાન કરતી નથી. આવી રીતે તેની વૃત્તિ હમેશાં બ્રહ્માકાર થએલી હોવાથી તેને બીજી વસ્તુઓ તરફ સ્પૃહા રહેતી નથી, પરંતુ પોતાના પતિ તરફ શુદ્ધ વૃત્તિથી જોયા કરે છે, અને હમેશાંના બ્રહ્માકાર વૃત્તિ કરવાના મહાવરાથી પોતાના પતિ તરફ દૃષ્ટિ નાંખતાં પોતાના પતિને પણ બ્રહ્મરૂપજ દેખે છે, જેથી તેને પોતાના પતિ પાસેથી પણ સંસાર સુખની વાસનાનો લેશ પણ હૃદયમાં રહેતો નથી. જ્યાં જ્યાં તે દૃષ્ટિ નાંખે ત્યાં ત્યાં તેને સ્વરૂપાનંદ પ્રતીત થતો હોય છે તેથી અન્ય ક્ષુદ્ર આનંદની પ્રતીતિ તેને ન થાય એ સ્વાભાવિક છે. આવી રીતે પરમાત્માનું સ્વરૂપ કે જે સત્, ચિત્, અને આનંદમય છે તેનો અપરોક્ષ અનુભવ કર્યા પછી તે પોતાના પતિથી ભિન્ન છે એવું સમજતી નથી, અને સ્વરૂપાનંદમાં મસ્ત હોવાથી તેનું મુખ હમેશાં

સુપ્રસન્ન રહે છે, અને જ્યાં જ્યાં તે વિચરે છે ત્યાં ત્યાં પારમાર્થિક સત્તા તેના ઉત્તમ પતિવ્રતપણાથી તેનું રક્ષણ કરે છે. આ ઉત્તમ સતીની વૃત્તિ કેવળ વિશુદ્ધ અને બ્રહ્મમય હોવાથી તેની દરેક પ્રકારની વાસનાઓ જતી રહેલી હોય છે, મનનો નાશ થવા માંડ્યો હોય છે, અને તત્વજ્ઞાન તો તેને સંપાદન થએલું હોય છે, જેથી તત્વજ્ઞાન, મનોનાશ અને વાસનાક્ષયથી તે ઉત્તમ સતી જાણવાનું જાણી પ્રાપ્ત કરવાનું પ્રાપ્ત કરી પોતાનો થએલો અવતાર સફળ થએલો સમજે છે.

મનોનાશ, વાસનાક્ષય, અને તત્વજ્ઞાનના સુદૃઢ અભ્યાસથી તે સતી ધીમે ધીમે દેહનું ભાન ભૂલી જાય છે. ભૂખ તરસ તેને પીડા કરતાં નથી, માન અપમાનની તૃષ્ણા તેને સતાવતી નથી, અને બ્રહ્મમાંથી તેની વૃત્તિ અન્ય પદાર્થકાર થતી નથી; આવી સ્થિતિએ જ્યારે તે પહોંચે છે ત્યારે તે સતી મહાસતી કહેવાય છે. ઉત્તમ સતી અને મહાસતીમાં તફાવત પ્રયત્નના ઓછા વધતાપણાનો છે. મનોનાશ, વાસનાક્ષય, અને તત્વજ્ઞાનના અસાધારણ અભ્યાસથી પોતાના દેહનું ભાન ભૂલીજઇ બ્રહ્મમાં વૃત્તિ અખંડપણે સ્થિત કરે છે. તેમજ ગાઢસુષુપ્તિ અવસ્થાને પામેલા કોઇ પુરૂષને જગાડીએ ત્યારે તે પરાણે જાગે છે પરંતુ તરતજ તે સૂઇ જાય છે, એવી રીતે આ મહાસતી બ્રહ્માનંદમાં મસ્ત રહી છતી કોઇના પ્રયત્નથી તે બહાર દૃષ્ટિ કરે છે પરંતુ તે કાર્યપૂરૂં થાય છે કે તરતજ તે અંતર દૃષ્ટિ કરી દે છે. આવી રીતે જ્યારે દરેક સ્ત્રી વર્તવા પ્રયત્ન કરે ત્યારેજ આર્યાવર્તમાં અવતાર લઈ આર્યબાળા નામ ધારણ કર્યું યથાર્થ કહેવાય. જે સ્ત્રીઓનો અધિકાર કનિષ્ટ પ્રકારની સતીનો ન હોય તેમણે કનિષ્ટ પ્રકારની સતી થવા પ્રયત્ન કરી શ્રીમતી, કનિષ્ટ પ્રકારની

સતીએ મધ્યમ સતી થવા પ્રયત્ન કરી, દેવી, અને મધ્યમ સતીએ ઉત્તમ સતી થવા પ્રયત્ન કરી, ઇશ્વરી નામ કહેવરાવી શનૈઃ શનૈઃ મહાસતી થવાનો પ્રયત્ન કરતાં મહાસતી થઇ જેવી રીતે સર્વે નદીયો સમુદ્રમાં મળી ગયા પછી નામરૂપનો ત્યાગ કરી સમુદ્રરૂપ થઇ જાય છે તેવી રીતે નામરૂપનો ત્યાગ કરી બ્રહ્મમય થઇ જવું જોઇએ.

———:o:———

સંસારના નાશવંત પદાર્થોથી દૂર રહેવા સતી સ્ત્રીને બોધ.

વચન સુણી પ્રિય કંથનું, કરજો યોગ્ય ઉપાયજી;
મૃત્યુ જનિનો ફેરો ટળે, પરમ સુખ પમાયજી. વચનસુણી. ૧
કંથવિના આ વિશ્વમાં, નથી અન્ય દયાળજી;
સમજી એવા શુભ માર્ગને, છોડી દોને જંજાળજી. વચનસુણી ૨
પતિ સ્વરૂપને પામવા, ધરો આત્માનું ધ્યાનજી;
અભિન્નતાના સુખને, પામો પ્રીતે સુજાણજી. વચનસુણી. ૩
એજ સુખ સુશ્રેષ્ઠ છે, બીજાં દુ:ખનાં મૂળજી;
મતાંધતાના પાસથી, રખે કરતાં ભૂલજી. વચનસુણી. ૪
આ સંસારમાં સર્વદા, બૂડાડે છ દૂષ્મનજી;
ઓળખી તેના સ્વરૂપને, દ્રઢ કરજો મનજી. વચનસુણી. ૫
સરણી રખેને ચૂકતાં, પડશો આ ભવમાંયજી;
સંસારના વક્ર પંથમાં, રહેશો તમે સદાયજી. વચનસુણી. ૬
નિજ બાળકના હિતમાં, વેગે વધારો મનજી;
ઉત્તમ શિક્ષણ આપવા, ખરચો તન મન ધનજી. વચનસુણી. ૭

મનની ચંચળતા હણે, એવા કરવા ઉપાયજી;
સત પુરૂષનું શરણ ગ્રહો, જેથી ત્રિતાપ જાયજી વચનસુણી. ૮
બોધ ગ્રહી શ્રી ગુરૂ તણો, આજ્ઞા લઇ નિજ કંથજી;
પામી સનાતન ધર્મને, વેગે ચાલે. શુભ પંથજી. વચનસુણી. ૯
આંતર વૈરાગ્ય રાખજો, ત્યજી બહારનો દંભજી;
આચાર ઉત્તમ પાળજો, થાશે નહીં જેથી કંપજી. વચનસુણી. ૧૦
મન અને વર્તન તણી, જ્યાં જ્યાં ભિન્નતા હોયજી;
અશાંતિના વેગથી, ત્યાં ત્યાં ચિંતાને જોયજી. વચનસુણી. ૧૧
માટે શાંતિ રાખવા, કરજો દંભનો ત્યાગજી;
શનૈઃ શનૈઃ વધારજો, સુખદાતા વૈરાગ્યજી. વચનસુણી. ૧૨
કનિષ્ઠ મધ્યમ ને ત્રીજી, ઉત્તમ સતી કહેવાયજી;
પ્રીતેથી લક્ષણ પામવા, કરજો યોગ્ય ઉપાયજી. વચનસુણી. ૧૩
ઉતાવળ કરશો નહીં, ધરજો ધીરજ મનજી;
એકેકી ભૂમિકા સાધજો, સુણી કંથ વચનજી. વચનસુણી. ૧૪
નદ અને નદીયો તણાં, જળ ઉમંગે જાયજી;
મૂખમાં જ્યારે જઇ મળે, સમૂદ્રજ કહેવાયજી. વચનસુણી. ૧૫
તેવી રીતે આ પ્રપંચનો, કરી યુક્તિથી બાધજી;
શુદ્ધ સ્વરૂપમાં વિરમી, મળો શાંત પ્રકાશજી. વચનસુણી. ૧૬
મળી શાંત પૂર્ણ તત્વને, કરજો મન ત્યાં સ્થિરજી;
લાંબી સ્થિરતા રાખશો, નહીં થવાય અસ્થિરજી. વચનસુણી. ૧૭
વૃત્તિની એકાગ્રતા, આવી રીતે જો થાયજી;
મહાસતીના સ્વરૂપને, પ્રયત્નેથી પમાયજી. વચનસુણી. ૧૮

ઇતિ શિવમ્.